# કન્વેયન્સ નો લેખ

ડિસ્ટ્રીક્ટ .......................... સબ ડિસ્ટ્રીક્ટ ........................ના મોજે ........................................ ગામની સીમના સર્વે નંબર........................ ની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નંબર ........................... માં સમાવેશ કરીને ફાઇનલ પ્લોટ નંબર ...........................ની જમીન ફાળવી આપવામાં આવેલ છે. તે જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે "..........................." ના નામથી ઓળખાય છે, તેમાં આવેલ મિલકતની કન્વેયન્સની કિંમત રૂ. ................................. અંકે રૂપિયા......................................... પુરાનો.

કન્વેયન્સ કરી આપનાર-લખી આપનાર-એકતરફવાળા:

(૧)........................................................................ PAN:...............................................

પુખ્તવયના, ધર્મે............ , રહેવાસી.....................................................................................

જેમને હવે પછી આ કન્વેયન્સ દસ્તાવેજમાં "કન્વેયન્સ કરી આપનાર-લખી આપનાર-એકતરફવાળા" એ રીતે સંબોધવામાં આવ્યા છે, જે શબ્દના અર્થમાં અમો કન્વેયન્સ કરી આપનારનો તથા કન્વેયન્સ કરી આપનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમિનિસ્ટ્રેટરો, સક્શેસરો તમામનો સમાવેશ થાય છે.

કન્વેયન્સ કરાવી લેનાર-લખાવી લેનાર-બીજીતરફવાળા:

(૧)...................................................................... PAN:.............................................

પુખ્તવયના, ધર્મે............ , રહેવાસી..................................................................................

જેમને હવે પછી આ કન્વેયન્સ દસ્તાવેજમાં "કન્વેયન્સ કરાવી લેનાર-લખાવી લેનાર-બીજીતરફવાળા" એ રીતે સંબોધવામાં આવ્યા છે, જે શબ્દના અર્થમાં અમો કન્વેયન્સ કરાવી લેનારનો તથા કન્વેયન્સ કરાવી લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમિનિસ્ટ્રેટરો, સક્શેસરો તમામનો સમાવેશ થાય છે.

(૧) જત ડિસ્ટ્રીક્ટ ........................સબ ડિસ્ટ્રીક્ટ ...................... તાલુકાના મોજે ........................ ગામની સીમના સર્વે નંબર ................................... ની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નંબર .............................. માં સમાવેશ કરીને ફાઇનલ પ્લોટ નંબર ..................... ની જમીન ફાળવી આપવામાં આવેલ છે. તે જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે "....................." ના નામથી ઓળખાય છે, તેમાં આવેલ ............. માળનો ફ્લેટ નંબર .......... ની ચો.મી. .................. ના કાર્પેટ એરીયાવાળી મિલકત તથા સદર યોજનાની જમીનમાં વગર વહેંચાયેલ ચો.મી............... ના હક્ક સાથેની મિલકત અમો કન્વેયન્સ કરી આપનારની માલિકી, કબજા, ભોગવટાની આવેલી છે. જેને આ કન્વયેન્સ દસ્તાવેજથી કન્વેયન્સ કરી આપીએ છીએ. જેને હવે પછી આ કન્વેયન્સ ના દસ્તાવેજમાં "સદરહું મિલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૨) સદરહું મિલકત અમો કન્વેયન્સ કરી આપનારે અમારા આગવા સ્વતંત્ર નાણાંની વસાવેલ હોવાથી સદરહુ મિલકતમાં અમો કન્વેયન્સ કરી આપનાર સિવાય બીજા કોઇનો કોઇપણ જાતનો લાગભાગ યાને હક્ક હિસ્સો રહેલો નથી. સદરહુ મિલકત અમો કન્વેયન્સ કરી આપનાર સ્વતંત્ર રીતે વેચવા, સાટવા યાને ટ્રાન્સફર કરવાની સંપુર્ણ સત્તા અને અધિકાર ધરાવીએ છીએ.

(૩) સદરહુ મિલકતના ઉપર કોઇપણ બેન્ક, કોર્પોરેશન, પેઢી, એચ.ડી.એફ.સી., ગ્રુહ ફાઇનાન્સ, એલ.આઇ.સી. કે કોઇપણ નાણાંકીય સંસ્થાની લોનનો બોજો નથી અને સદરહુ મિલકત બોજા રહિતની નાકરજી આવેલી છે.

(૪) સદરહુ મિલકત અમો કન્વેયન્સ કરી આપનારે તમો કન્વેયન્સ કરાવી લેનારને ઉચ્ચક કન્વેયન્સની કિંમત રૂ. .................................... અંકે રૂપિયા ........................ પુરા માટે આપેલ છે. જેનો આ કન્વેયન્સ નોદસ્તાવેજ કરી આપીએ છીએ. તેનો ચુકતે અવેજ અમો કન્વેયન્સ કરી આપનારને તમો કન્વેયન્સ કરી લેનારે નીચે મુજબ ચુકવી આપેલ છે જેની વિગત જે...........................

રૂ. .............................

રૂ. .............................

---

રૂ. .............................. અંકે રૂપિયા ................................. પુરા ઉપર મુજબની વિગતે અમો કન્વેયન્સ કરી આપનારને તમો કન્વેયન્સ કરાવી લેનાર પાસેથી અવેજ મળી ચુકેલ છે. જે અમો કન્વેયન્સ કરી આપનારને ચુકતે મળ્યા છે અને ચુકતે અવેજ મળ્યાનું અમો કન્વેયન્સ કરી આપનાર કબુલ કરીને તેની આથી આ પહોંચ આપીએ છીએ અને અવેજની તમામ પ્રકારની જવાબદારીમાંથી અમો કન્વેયન્સ કરી આપનાર તમો કન્વેયન્સ કરાવી લેનારને મુક્ત કરીએ છીએ.

(૫) સદરહુ મિલકત તેમજ તેના આનુસાંગિક જે જે હક્કો આવેલા હોય તે તમામ હક્ક સાથેની મિલકત તેમજ બીજા જે હક્કો આવેલા હોય તે સાથેની અમો કન્વેયન્સ કરી આપનારે તમો કન્વેયન્સ કરાવી લેનારને કુલ અભરામ ન દાવે કન્વેયન્સ નો  આપેલ છે અને સદરહુ મિલકતનો અમો કન્વેયન્સ આપનારે તમો કન્વેયન્સ કરાવી લેનારને ખાલી અને પ્રત્યક્ષ કબજો આજરોજ સોંપેલ છે. જે કબજો તમો કન્વેયન્સ લેનારે સંભાળી લીધેલ છે. જેથી સદરહુ મિલકતના તમો કન્વેયન્સ કરાવી લેનાર કુલ સ્વતંત્ર માલીક અને કબજેદાર થયેલ્લ છો.

(૬) અમો કન્વેયન્સ કરી આપનાર તમો કન્વેયન્સ કરાવી લેનારને આથી જણાવીએ છીએ તેમજ ખાતરી આપીએ છીએ કે, મજકુર મિલકત અંગેના સરકારી તથા સ્થાનિક સંસ્થાઓના જે કાંઇ મિલકત મહેસુલ, વેરાઓ, લાઇટબીલ, એસોસિયેશન, સોસાયટીનો વહીવટી ફાળો, મ્યુ. ટેક્ષ વિગેરે જે કાંઇ ભરવાના આવેલા હતા તે તમામ અમો કન્વેયન્સ આપનારે ભરી દીધેલા છે. અને તેવા કોઇ વેરાઓ ભરવાના બાકી નથી. તેમ છતાં બાકી નિકળી આવે તો તે અમો કન્વેયન્સ આપનારે ભરી આપવાના રહેશે. અને દસ્તાવેજની તારીખથી

જે કાંઇ સરકારી, અર્ધસરકારી તથા સ્થાનિક સંસ્થાઓના જે કાંઇ વેરા, મહેસુલ, લાઇટબીલ, એસોસિયેશન, સોસાયટીનો વહીવટી ફાળો, મ્યુ. ટેક્ષ વિગેરે ભરવાના આવે તે તમામ તમો કન્વેયન્સ લેનારે ભરવાના છે.

(૭) અમો કન્વેયન્સ કરી આપનાર તમો કન્વેયન્સ કરાવી લેનારને વધુમાં જણાવીએ છીએ તથા ખાતરી આપીએ છીએ કે મજકુર મિલકત સંબંધમાં અમો કન્વેયન્સ આપનારે કોઇપણ પ્રકારના ગેર કૃત્યો કરેલા નથી કે જાણી જોઇને વિરુદ્ધના કૃત્યો કરેલા નથી. તેમજ આ કન્વેયન્સના દસ્તાવેજમાં જણાવ્યા મુજબનો ઉપયોગ કરવા સારુ તમો કન્વેયન્સ કરાવી લેનારને કન્વેયન્સ આપવાનો અમો કન્વેયન્સ કરી આપનારને પુરતો હક્ક અને અધિકાર છે. સદરહુ મિલકત અંગે અમો કન્વેયન્સ કરી આપનાર તરફથી હર કોઇપણ સખ્સ વાંધો તકરાર કે હરકત હેલો કરતો આવે કે તમો કન્વેયન્સ કરાવી લેનારના માલિકી કે કબજા ભોગવટામાં કોઇ વાંધો તકરાર કરતા આવે તો તેનો જવાબ અમો કન્વેયન્સ કરી આપનાર તથા અમો કન્વેયન્સ કરી આપનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામ તમો કન્વેયન્સ કરાવી લેનાર તથા તમો કન્વેયન્સ કરાવી લેનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને થતુ દરેક પ્રકારનું ખર્ચ તથા નુકશાન અવેજ સહીત અમો કન્વેયન્સ કરી આપનાર તમો કન્વેયન્સ કરાવી લેનારને ભરપાઇ કરી આપવા માટે બંધાયેલા છીએ.

(૮) સદરહુ મિલકત તથા તેના અંગેના બીજા જે જે હક્કો આવેલા હોય તે તમામ હક્કો સાથેની તેના અસલ હદ હક્કો મુજબની મિલકત ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો કન્વેયન્સ કરાવી લેનાર વાપરો, ભોગવો, વસો-વસાવો, વેચાણ, ગીરો, બક્ષિસ આપો યા તમારૂ દિલ ચાહે તેમ ઉપયોગ કરવાને આથી હક્કદાર થયા છો, તેમજ સદરહુ મિલકતમાંથી નવેનીધ્ધ અષ્ટમાસીધ્ધ જે કાંઇ પ્રગટ થાય કે મળી આવે તે તમો કન્વેયન્સ કરાવી લેનારના નસીબનું છે.

(૯) અમો કન્વેયન્સ કરી આપનાર તમો કન્વેયન્સ કરાવી લેનારને ખાતરી આપીએ છીએ કે સદરહુ મિલકત કોઇપણ કાયદા હેઠળ એક્વાયર્ડ થયેલ નથી કે મજકુર મિલકત અમો કન્વેયન્સ આપનારે બીજા કોઇને વેચાણ, ગીરો, બક્ષિસ તરીકે લખી આપેલી નથી કે બીજી કોઇપણ રીતે લખી આપીને ટ્રાન્સફર યાને એસાઇન કરેલી નથી કે તેના ઉપર કોઇનો ખોરાકી પોશાકીનો કે બીજા કોઇપણ જાતનો લાગભાગ હક્ક યાને હક્ક હિસ્સો નથી તેમજ સદરહુ મિલકત અંગે કોઇપણ અદાલત કે કચેરીમાં કોઇપણ જાતના દાવાદુવી થયેલા નથી કે હાલમાં જારી નથી કે કોઇપણ જાતનું હુકમનામું થયેલુ નથી તેમજ સદરહુ મિલકત જપ્તીમાં કે અવલ જપ્તીમાં લેવામાં આવેલી નથી. તેમજ સદરહુ મિલકત કોઇને વેચવી વેચાવી નહી કે ટ્રાન્સફર કરવી કરાવવી નહી કે કોઇના કબજે સોંપવી સોંપાવવી નહી તેવો કોઇપણ જાતનો મનાઇ હુકમ અમો કન્વેયન્સ કરી આપનાર ઉપર નીકળેલો નથી કે અમો કન્વેયન્સ કરી આપનારને મળેલો કે બજેલો નથી. તેમજ સદરહુ મિલકત અંગે મિલક્ત પ્રાપ્તીધારા કે બીજા કોઇપણ જાતની નોટીસ અમો કન્વેયન્સ કરી આપનારને મળેલી

નથી કે બજેલી નથી તેમજ સદરહુ મિલકત કે તેનો કોઇપણ ભાગ કોઇપણ યોજના માટે અનામત રાખવામાં આવેલો નથી.

(૧૦) અમો કન્વેયન્સ કરી આપનાર તમો કન્વેયન્સ કરાવી લેનારને વધુમાં બાહેંધરી આપીએ છીએ કે સદરહુ મિલકત સરકારી, અર્ધસરકારી, સ્થાનિક સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના રેકર્ડમાં, ઈલેક્ટ્રીસીટીના રેકર્ડમાં, એસોસિયેશન, સોસાયટીના રેકર્ડમાં તથા રેવન્યુ રેકર્ડમાં માલિક, કબજેદાર તરીકે તમો કન્વેયન્સ કરાવી લેનારના નામ ઉપર ચઢાવવા સારૂ તથા સદરહુ મિલકતના તમો કન્વેયન્સ કરાવી લેનારના માલિકી હક્ક પુરવાર કરવા સારુ તમો કન્વેયન્સ કરાવી લેનાર કે તમો કન્વેયન્સ કરાવી લેનારના વંશ, વાલી, વારસોને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જે જે દસ્તાવેજ, સોગંધનામા, કબુલાતો, જવાબો, ખાતરીઓ, સહીઓ વિગેરેની જરૂર પડે તે તમામ તમો કન્વેયન્સ કરાવી લેનારને કરી આપવા માટે બંધાયેલા છીએ.

(૧૧) સદર યોજનામાં જે રસ્તા પેસેજ, અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ વોટર ટેન્ક, કોમન ફેસીલીટી, ટેરેસ તથા બેઝમેન્ટ વિગેરે તમામ યુનિટના માલિકો સહિયારામાં ઉપયોગ કરતા આવેલા છીએ એ રીતે સહિયારામાં ઉપયોગ કરવાનો છે તેમજ યોજનામાં પાણી અંગે જે ઇલેક્ટ્રિક મોટરના બર્નીંગમાં તમો કન્વેયન્સ લેનારે સરખે હિસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે તેમજ કોમન સુવિધાઓ, કોમન પેસેજના સહિયારામાં ઉપયોગ કરવાનો રહેશે.

(૧૨) સદર સમગ્ર જમીન ઉપર મુકવામાં આવેલ સદર યોજનાના સભ્યોના કોમન એમીનીટીનો વહીવટ કરવા માટે .......................................... ની રચના કરવામાં આવેલ છે. જે સર્વિસ સોસાયટી અનુક્રમ નંબર ................ તારીખ........................... ના રોજ નોંધાયેલ છે. સદરહુ સોસાયટીના અમો કન્વેયન્સ કરી આપનાર સભ્ય છીએ અને સભ્ય તરીકે સદરહુ સોસાયટીના રૂ. ૫૦-૦૦ ની કિંમતના દરેક શેર નંગ-૫, શેર સર્ટીફિકેટ નંબર ........................... શેર અનુક્રમ નંબર...................... થી .................... કુલ રૂ. ૨૫૦-૦૦ ની કિંમતના શેર ધારણ કરીએ છીએ. સદરહુ સોસાયટીના નિતી નિયમોનું અમો કન્વેયન્સ કરી આપનાર પાલન કરતા આવેલા છીએ. સદરહુ સોસાયટીના સભ્યપદની રૂઇએ અમો કન્વેયન્સ કરી આપનાર જે હક્કો ભોગવતા આવેલા છીએ તે તમામ હક્કો સહિત તેમજ સદર સોસાયટીમાં અમો કન્વેયન્સ કરી આપનારની જમા રકમના હક્ક સહિતની મિલકત અમો કન્વેયન્સ આપનારે તમો કન્વેયન્સ કરાવી લેનારને આપેલ છે. સદર સભ્ય પદ તમો કન્વેયન્સ કરાવી લેનાર તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવા હક્કદાર છો. સદર સોસાયટીમાં મુકવામાં આવેલ ઓવરહેડ, અન્ડર ગ્રાઉન્ડ, વોટર ટેન્ક, મોટર પંપ તેમજ અન્ય તમામ અમીનીટીઝમાં તમો કન્વેયન્સ કરાવી લેનારનો વગર વહેંચાયેલ હક્ક હિસ્સો થયેલો છે.

(૧૩) સદરહુ મિલકત અંગેના અમો કન્વેયન્સ કરી આપનારની પાસે માલિકી હક્ક પ્રસ્થાપિત થતા જે કાંઇ દસ્તાવેજી પુરાવા, કાગળો હતા તે તમામ અમો કન્વેયન્સ આપનારે તમો કન્વેયન્સ કરાવી લેનારને સુપ્રત

કરેલ છે. તેમ છતાં ભવિષ્યમાં સદર મિલકત અંગેના તેવા કોઇ સાધનિક કાગળો અમો કન્વેયન્સ કરી આપનારની પાસે મળી આવશે તો તે તમામ અસલ કાગળો તમો કન્વેયન્સ કરાવી લેનારને સુપ્રત કરીશું. વધુમાં, તમો કન્વેયન્સ કરાવી લેનારને ખાતરી અને બાહેંધરી આપીએ છીએ કે, સદરહુ મિલકતના અમો કન્વેયન્સ કરી આપનારના માલિકી હક્ક અંગેના કાગળો ઉપર બોજો કે જોખમ કરવાને ઇરાદે અમો કન્વેયન્સ નોઆપનારે બીજા કોઇને આપેલા કે સોંપેલા નથી.

(૧૪) આ દસ્તાવેજનો સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, ટાઇપીંગ, વકિલ ફી તમામ ખર્ચ તથા ટ્રાન્સફર ફી નો તમામ ખર્ચ કન્વેયન્સ નોલેનારે ભોગવેલ છે.

પરિશીષ્ટ

ડિસ્ટ્રીક્ટ ........................સબ ડિસ્ટ્રીક્ટ ...................... તાલુકાના મોજે ........................ ગામની સીમના સર્વે નંબર .................................. ની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નંબર .............................. માં સમાવેશ કરીને ફાઇનલ પ્લોટ નંબર ..................... ની જમીન ફાળવી આપવામાં આવેલ છે. તે જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે “.....................” ના નામથી ઓળખાય છે, તેમાં આવેલ ............ માળનો ફ્લેટ નંબર .......... ની ચો.મી. .................. ના કાર્પેટ એરીયાવાળી મિલકત તથા સદર યોજનાની જમીનમાં વગર વહેંચાયેલ ચો.મી............... ના હક્ક સાથેની મિલકત કે જેનો મ્યુ. ટેનામેન્ટ નંબર ................... વાળી મિલકત

તેના ખુંટચારની વિગત

પુર્વે:

પશ્ચિમે:

ઉત્તરે:

દક્ષિણે:

એ રીતના નંબરો માપ તથા ખુંટચાર વચલી મિલકત તથા તેના અંગેના બીજા જે જે હક્કો આવેલા હોય તે તમામ હક્કો સાથેની તેમજ સદરહુ મિલકતમાં આવેલ ચાલુ ઇલેક્ટ્રિક ફિટિન્ગ્સ સર્વિસ નંબર.................... ના હક્ક સાથેની તેના અસલ હદ હક્કો મુજબની મિલકત

એ રીતેનો  કન્વેયન્સ નોદસ્તાવેજ અમો કન્વેયન્સ આપનારે અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી, વિચારીને કોઇના કોઇપણ જાતના દબાણ સિવાય કે ધાક ધમકી સિવાય સ્વસ્થ

ચિત્તે અને મને લખી આપેલ છે તે અમો કન્વેયન્સ કરી આપનારને તથા અમો કન્વેયન્સ કરી આપનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર ને બંધનકર્તા છે અને રહેશે.

................................ મધ્યે આજ તારીખ .............................. દિને:-

અત્રે......................................................... મતુ   અત્રે.................................................................શાખ

કન્વેયન્સ કરી આપનાર-લખી આપનાર-એકતરફવાળા

---------------------------------------------   (૧) ------------------------------------------

(૨) ------------------------------------------

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

મિલકતનું પોસ્ટલ સરનામું

કન્વેયન્સ કરી આપનારની સહી.................................................

કન્વેયન્સ કરાવી લેનારની સહી.......................................................

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

મિલકતનું પોસ્ટલ સરનામું

કન્વેયન્સ કરી આપનારની સહી....................................................

કન્વેયન્સ કરાવી લેનારની સહી......................................................

રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ ૩૨(અ) મુજબનું પરિશિષ્ટ નીચે મુજબ છે.

કન્વેયન્સ કરી આપનાર-લખી આપનાર-એક તરફવાળા

......................................................

(-----------------------------------)

કન્વેયન્સ કરાવી લેનાર-લખાવી લેનાર- બીજી તરફવાળા

......................................................

(-----------------------------------)